**રે.દિ.મુ.નં.૯૦/૨૦૨૧**

## આંક ૫ નીચે હુકમ

(૧) વાદીએ હાલનો દાવો દાખલ કરી પ્રતિવાદીઓ વિરૂધ્ધ પ્રતિવાદીએ વાદીને તેઓના હીસ્સામા આવેલ જમીનમા ખેતીકામ કરતા અટકાયત કરેલ હોય, અને બીભત્સગાળો તથા ધમકીઓ આપતા હોય, અને ખેતીકામ કરતા અટકાવેલ હોય જેથી કાયમી મનાઈહુકમ મેળવવા માટે તેમજ સરસનરસના ભાગ પાડી તેમની જમીનનો અડધો હીસ્સો અલગ કરી આપવા માટે કરેલ છે. વાદીએ સાથે સાથે આંક ૫ ની કામચલાઉ મનાઈહુકમની અરજી રજુ કરી જણાવેલ છે કે પ્રતિવાદીએ વાદીને વાદવાળી જમીનમા પ્રવેશતા ગેરકાયદેસર અટકાયત કરતા હોય તેમજ ખેતીકામ કરવા દેતા ના હોય વાદીએ પોતાના હીસ્સાની જમીનનો વાપર ઉપયોગ કરી શકતા નથી અને તેને કારણે તેઓને ખુબજ હાડમારી, ગંભીર અગવડનો સામનો કરવો પડે છે. રેવન્યુ રેકર્ડમા તેઓનુ સહ માલીક તરીકે નામ છે તેથી વાદીનો પ્રથમદર્શનીય હકક રહેલો છે તેમજ સગવડતા અગવડતાની સમતુલા વાદીની તરફેણમા છે જેથી આ દાવાનો આખરી નિકાલ ન આવે ત્યાં સુધી પ્રતિવાદી વિરૂધ્ધ કામચલાઉ મનાઈહુકમ મેળવવા અરજ કરેલી છે.

(૨) આ અરજીના અનુસંધાને પ્રતિવાદીને સમન્સ/નોટીસની ધોરણસર બજવણી કરવામા આવેલ છે. જેના અનુસધાને પ્રતિવાદી હાજર થઈને આંક ૧૨ થી પોતાનો વાદીના દાવા તથા આંક ૫ ની અરજી વિરૂધ્ધનો લેખીત જવાબ રજુ કરી જણાવેલ છે કે, પ્રતિવાદી અને આ કામના વાદીઓના પિતાની બહેનોએ નોધ નં.૯૭૦ થી તાઃ ૨૦/૫/૧૯૮૨ નારોજ દાવાવાળી જમીનમાથી

તેઓનો હકક સ્વેચ્છાએ જતો કરતા દાવાવાળી જમીનમા પ્રતિવાદી રામસીગભાઈ ડુટીયાભાઈ તથા આ કામના વાદીઓના પિતા એટલે કે જયંતિભાઈ ડુટીયાભાઈનુ સંયુકત રીતે નામ ચાલતુ હતુ. ત્યારબાદ વાદીના પિતા આણંદ મુકામે રહેવા જતા રહેલા ત્યારબાદ વાઘોડીયા ગામે આવી ખેતીકામ કરતા નથી અને તે રીતે પ્રતિવાદી એકલા જ ખેતીકામ કરતા હતા ત્યારબાદ સમજુતીથી વાદી પ્રતિવાદીના પિતા વચ્ચે વહેંચણ થતા વાદીના પિતાના હીસ્સે ૪ હેકટર ૩૭ આરે જમીન આવેલી છે. અને પ્રતિવાદીની હીસ્સે ૬ એકર ૧૮ આરે જમીન આવેલી છે અને તે મુજબ બન્ને ભાઈઓ સુલેહ સંપથી જમીન વહેચી લીધેલ છે. તે બાબતનુ લખાણ સ્ટેમ્પ પેપર ઉપર તારીખ ૨૮/૫/ ૨૦૦૭ નારોજ કરવામા આવેલ છે ત્યારબાદ પ્રતિવાદીનુ કથન છે કે વાદીના પિતાને રૂા.૫૦,૦૦૦/ ની જરૂર પડતાં તેઓએ તેમને આપેલા અને તેની સામે જમીનનો કબજો સંપુર્ણ વહીવટ કરવા પ્રતિવાદીને સોપેલો. સદરહુ રૂા.૫૦,૦૦૦/ વાદીએ પ્રતિવાદીને આપવા ન પડે તે હેતુથી વાદીઓએ પ્રતિવાદી સામે ખોટો દાવો કરેલો છે. વાદીઓ ઘણા વરસોથી આણંદ તથા બાલાશીનોર મુકામે રહે છે અને વાદવાળી જમીનમાં ખેતી કામ કરતા નથી. પ્રતિવાદીના હીસ્સે ૬ એકર ૧૮ આરે મા ખેતી કામ કરતા આવેલા છે અને વાદીના ૪ એકર ૧૯ આરે જમીન આજે પણ પડતર રહેલ છે. પરંતુ તે જમીન પ્રતિવાદીના કબજા ભોગવટામાં આવેલ છે. પ્રતિવાદીએ કયારેય પણ વાદીને સદરહુ જમીનમા ખેતીકામ કરતા અટકાવેલા નથી અને તેઓ ૪ એકર ૧૯ આરે જમીન વાળી જમીનનો કબજો પરત કરી દેવા તૈયાર છે.

(૩) વાદીએ આ કામે પ્રતિવાદીએ તેનો લેખીત જવાબ આંક ૧૨ થી રજુ કર્યા બાદ પોતાની કાઉન્ટર એફીડેવીટ આંક ૧૫ થી રજુ કરી દાવા જવાબની વિગતોનો ઈન્કાર કરેલ છે.

(૪) વાદીઓ પ્રતિવાદી તરફે ઉપરોકત રજુઆતના સંદર્ભે બન્ને પક્ષોના વિ.વ.શ્રી.ઓની મૌખીક દલીલ સાંભળવામા આવેલી છે અને રજુ કરેલ રેકર્ડ ધ્યાને લેતા હાલની અરજીના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થયા છે.

(૧) શું વાદી પોતાનો પ્રથમદર્શનીય કેસ પુરવાર કરે છે?

(૨ ) શું સગવડતા અગવડતાની સમતુલા વાદીની તરફેણમા છે?

(૩) શું વાદીની માંગણી મુજબ મનાઈહુકમ ના આપવામા આવે તો વાદીને નાણામા ભરપાઈ ન થઈ શકે તેવુ પારાવાર નુકશાન થાય તેમ છે?

(૪) શું હુકમ ?

(૫) ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમા

(૨) નકારમા

(૩) નકારમા

(૪) આખરી આદેશ અનુસાર

કા ર ણો

(૬) **<u>મુદા નં. ૧ થી ૪:–</u>** આ તમામ મુદૃાઓ કાયદાની દૃષ્ટ્રિએ અને હકીકતની દૃષ્ટ્રીએ એકબીજા સાથે સંકળાયેલા હોય જેથી પુરાવાનુ પુનરાવર્તન ટાળવા તમામ મુદાઓની ચર્ચા એક સાથે કરવામા આવેલ છે.

(૭) વાદીએ પોતાનો પ્રથમદર્શનીય કેસ અંગે વિચારણા કરીએ તો ઉપરોકત પક્ષ નિવેદન સાથે વાદી પ્રતિવાદી ધ્વારા જે દસ્તાવેજી પુરાવાઓ ધ્યાનમા રાખવામા આવેલ છે. ઉલ્લેખનીય છે

કે, વાદીઓ તથા પ્રતિવાદી કૌટુમ્બીક સગા સંબંધીઓ છે અને જમીનમાં વાદી પ્રતિવાદીના સયુંકત નામ ચાલે છે.વાદીના કથન અનુસાર પ્રતિવાદીએ તેઓના ભાગની જમીન ખેડવા દેતા નથી જેથી હાલનો દાવો કરેલ છે.

પ્રતિવાદીના જણાવ્યા અનુસાર વાદવાળી જમીનના બે ભાગ પડી ગયેલ છે. અને બહેનોએ સદરહુ જમીનમાથી પોતાનો હકક સ્વેચ્છીક ઉઠાવી લીધેલ છે. ત્યારે એ બાબત નોધપાત્ર બની જાય છે કે વાદી પ્રતિવાદી વાદવાળી જમીનોમા સહ માલીકો છે આ બાબત ધ્યાને લઈ પ્રથમદર્શનીય કેસની વિચારણા કરીએ તો વાદી પોતાનો કબજો હોવાનુ જણાવતા હોય તે પ્રથમ દર્શનીય પુરવાર કરવા માટે સચોટ રજુઆતથી તે બાબત બતાવવી પડે કે તે વાસ્તવમાં દાવાવાળી જમીનના કબજા ભોગવટો ધરાવી ખેતી કામ કરે છે હાલના વાદી આણંદ તથા બાલાશીનોર મુકામે રહે છે. વાદવાળી જમીન સદરહુ જગ્યાએથી ઘણે દુર આવેલ છે. ત્યારે તેઓ કેવીરીતે આવીને ખેતીકામ કરે છે તેમજ હાલમાં કયા પાકનુ વાવેતર કરેલ છે તેની કોઈ બાબત સ્પષ્ટપણે દર્શાવેલ નથી. આ ઉપરાંત બીયારણના બીલ, કે ખેતી કામ લગત કોઈ ખર્ચો , ખાતર પાણી, વગેરેના બીલો રજુ રાખેલા નથી કે જેનાથી વાદીનો પ્રથમદર્શનીય કબજો માની શકાય. ત્યારે વાદીએ કબજો ધરાવી ખેતી કામ કરતા હોવાની વિગત હાલનો દાવો કરવા ઉપજાવી કાઢેલ હોવાનુ જણાય આવેછે અને પ્રથમદર્શનીય વાદીનો સ્થળ ઉપર વાસ્તવીક કબજો જણાય આવતો નથી. ઉલ્લેખનીય છે કે દાવાના પક્ષકારો સહ માલીકો છે અને તેઓ વચ્ચે જમીનના ભાગલા થયેલા છે કે કેમ અને અન્ય બહેનોએ પોતાનો હકક સ્વેચ્છીકરીતે ઉઠાવી લીધેલ છે કે કેમ વગેરે તમામ બાબતો પુરાવાનો વિષય બની રહે છે અને હાલના તબકકે સદરહુ હકક હીસ્સો સ્પષ્ટરીતે નિર્ણીત થઈ શકે નહી. આગળ ચર્ચા કરી તેમ જયારે પ્રથમદર્શનીય કબજો દર્શાવી શકેલા ના હોય

ત્યારે આ બાબતે વાદીનો પ્રથમદર્શનીય કેસ કામચલાઉ માઈહુકમ મેળવવા માટેનો કહી શકાય નહી.

(૮) આગળ ચર્ચા કરી તેમ વાદીઓ અલગ અલગ જગ્યાએ રહે છે, સ્થળ ઉપર ખેતી કામ કરતા હોવાનો પુરાવો રજુ કરેલ ન હોય તેમજ પ્રતિવાદીના કથન અનુસાર વાદવાળી જમીન હાલમા પડતર રહેલ છે. તેઓએ વાદીને કોઈ રીતે હરકત, અંતરાય કરેલ નથી, આ ઉપરાંત જમીનના કહેવાતા માપ બાબતે તકરાર છે અને રૂા.૫૦,૦૦૦/ આપેલા તે બાબતે પણ તકરાર છે. આ તમામ બાબતો ધ્યાને લેતા હાલના તબકકે જયારે સ્પષ્ટ હીસ્સો નકકી કરી શકાય તેમ ન હોય, પ્રથમદર્શનીય રીતે વાદીનો હીસ્સો નકકી થઈ શકે તેમ ન હોય, ત્યારે સગવડતા અગવડતાની સમતુલા વાદીની તરફેણમાં કહી શકાય નહી. તેમજ નાણામા ન માપી શકાય તેવુ નુકશાન જવા બાબતની વિચારણા કરીએ જો વાદી પોતાનો દાવો સાબીત કરવામા સફળ થાય તો પોતાના હીસ્સાની જમીન અંગેની દાદ મેળવી શકે છે. પરંતુ હાલના તબકકે સ્વતંત્ર કબજો પુરવાર થયેલો ના હોય, અન્ય વાદીઓ કે જેમના હીત આ જમીનમા સમાયેલ છે તેઓને દાવામા પક્ષકાર બનાવેલા ના હોય તેમજ હાલના તબકકે ખેતી કામ કરી આવક મેળવતા હોવાનો પુરાવો ન હોય ત્યાં સુધી નાણામા ન માપી શકાય તેવુ નુકશાન જવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આ બાબતે ઉલ્લેખનીય છે કે, નામ. વડી અદાલત તથા સર્વોચ્ચ અદાલત ધ્વારા માર્ગદર્શક સિધ્ધાંતોમા પ્રસ્થાપીત કરવામા આવેલ છે કે, કામચલાઉ મનાઈહુકમ ની દાદ મેળવવા માટે વાદીએ ખુબ જ મજબુતરીતે પોતાનો પ્રથમદર્શનીય કેસ, સગવડતા અગવડતાની સમતુલા અને નાણામા ન માપી શકાય તેવુ નુકશાન જવાની સંભાવનાઓની વિગત પ્રસ્થાપીત કરવી જોઈએ. માત્ર સહ માલીક હોવાની વિગતોને લીધે તથા રેવન્યુ રેકર્ડમાં નામ હોવાના કારણે કામચલાઉ મનાઈહુકમ આપી

શકાય નહી અને દાવાની અન્ય તકરારો એ પુરાવાનો વિષય બની રહેલ હોય ત્યારે તે દાવાની વિગતોનો નિર્ણય દાવામાં પુરાવો લીધા બાદ થઈ શકે ત્યારે હાલના તબકકે કામચલાઉ મનાઈહુકમ મંજુર કરવાલાયક કેસ જણાતો ના હોય, મુદા નં.૧ થી ૩ ના નિર્ણયો નકારમા ઠરાવી મુદા નં. ૪ માટે નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

:: હુ ક મ ::

(૧) વાદીઓની હાલની આંક ૫ ની અરજી આથી નામંજુર કરવામા આવે છે.

(૨) આ અરજીનો ખર્ચ દાવાના આખરી નિર્ણયને અનુસરશે.

આજતાઃ ૦૨ જી માર્ચ ૨૦૨૨ નારોજ ખુલ્લી અદાલતમા સહી કરી હુકમ જાહેર કર્યો.

તાઃ ૦૨/૦૩/૨૦૨૨
સ્થળઃ રાજપીપલા

(અંકુર નગીનભાઈ પટેલ)
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ,
મુ. રાજપીપલા
જજ કોડ નં. જીજે ૦૦૯૧૭